જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૦૦ બીયર ટીન, ૧ રીક્ષા, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૭૬/૧૭

**શહેરકોટડાઃ રશ્મીબહેન વા/ઓ ભાવેશભાઇ કોલી (ઉ.વ.૨૮) (રહે. સી કોલોની અશોક મીલની પાસે નરોડા રોડ)** એ તા.૬/૩/૧૭ નારોજ **શહેરકોટડા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૨૩/૨/૧૭ રાતના સમયે રશ્મીબહેનના પતિ** ભાવેશ ચંદ્રકાંતભાઇ કોલી **રશ્મીબહેનને જાણ કર્યા વગર ઘરની તીજોરીમાંથી રશ્મીબહેનના દાગીના, સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૫,૦૦૦/-, સોનાની કાનની સેર કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૬૦,૦૦૦/- સોનાની વીંટી નંગ-૩ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા.૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૦,૦૦૦/- મત્તા લઈ જઈ રશ્મીબહેન સાથે વિશ્વાસઘાત કર્યો છે.** આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી** ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૪૭૭/૧૭

**વેજલપુરઃ** જગાભાઇ ધુડાભાઇ મકવાણા (રહેઃ કૌસ્તુભ સોસાયટી પી.એન્ડ ટી રોડ વાસણા ગામ) એ તા.૬/૩/૧૭ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૮/૧/૧૭ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન વાસણા રૂપા શોપિંગ સેન્ટર પ્રજાપતિ ગાર્ડન સામે આવેલ રીલેક્ષ પાન પાર્લર નામની પોતાની દુકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી અલગ-અલગ કંપનીની તથા બ્રાન્ડની સીગારેટ, માણેકચંદ, સોપારીના પેકેટ મળી કિમત રૂપિયા ૪૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી લાલજીભાઇ ભીખુભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવઃ** શાંતીલાલ શનાભાઇ પ્રજાપતિ (રહે.આનંદધારા સોસાયટી સત્યમ સ્કુલની સામે આદીનાથનગરની બાજુમા ઓઢવ) એ તા.૬/૩/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૩/૧૭ સાંજના ૭/૩૦ થી તા.૪/૩/૧૭ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ અનુપ એન્જીનીયરીંગની પાછળ આવેલ શ્રીરામ એસ્ટેટમા શેડ નં.૮૮ માં આવેલ સેમી એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીટ તથા શેડ નં.૭૩ મા આવેલ એન્જીનીયરીંગ કોપોરેશન કંપનીના છતનુ પ્લાસ્ટીકનુ પતરૂ વાળી અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી એલ્યુમિનીયમની લાદી નંગ-૧૫ કિમત રૂપિયા ૫૨,૫૦૦/- મતાની તેમજ ડાયાગ્રામ માપવાના ઈન્સ્ટુમેન્ટ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ હરજીભાઇ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૮/૧૭</u>**

**નરોડાઃ** સુરેશભાઇ નટવરલાલ પટેલ (રહે.સુકેત-૨ રામદેવનગર સેટેલાઇટ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૩/૧૭ સાજના ૧૮/૦૦ વાગ્યાથી તા.૬/૩/૧૭ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે નરોડા જી.ઇ.બી. સામે વિઠ્ઠલ પ્લાઝાના પાછળના પાર્કિંગમાંથી ગેલ્વેનીયમ પતરા નંગ-૧૩૦ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૯/૧૭</u>**

**ઈસનપુરઃ** પુજાબહેન ફતેસિંગ રાજપુત (ઉ.વ.૧૮) (રહે. સતાધારનગર મહાવિર સ્કુલની સામે વિશાલનગર ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૬/૩/૧૭ કલાક ૭/૪૩ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખોડાભાઈ રામાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)